# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભૂંડીયા** વાંચે છે.

**************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, ભારતે પાકિસ્તાનનાં નવ આતંકવાદી અડ્ડાઓનો નાશ કરીને તેને વિશ્વ સમક્ષ ખુલ્લું પાડ્યું છે.
2) શ્રી શાહે જણાવ્યું કે, રાષ્ટ્રની પ્રગતિ માટે મજબૂત સહકારી માળખું હોવું જરૂરી છે.
3) હૈદરાબાદમાં ચારમીનાર નજીકનાં રહેણાંક વિસ્તારમાં લાગેલી આગમાં17 લોકોનાં મૃત્યુ
4) આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ- આઇએમએફએ પાકિસ્તાન પર ભંડોળનો આગામી હપ્તો લેવા માટે 11 નવી શરતો મૂકી
5) IPL ક્રિકેટમાં, પંજાબ કિંગ્સનો રાજસ્થાન રોયલ્સ સામે 10 રને વિજય ; જયારે અન્ય એક મેચમાં ગુજરાત ટાઈટન્સે દિલ્લી કેપિટલ્સ સામે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# AMIT SHAH- NARANPURA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, ભારતે પાકિસ્તાનનાં નવ આતંકવાદી અડ્ડાઓનો નાશ કરીને પાકિસ્તાનને વિશ્વ સમક્ષ ખુલ્લું પાડ્યું છે. ભારતે પાકિસ્તાન પર સર્જિકલ સ્ટ્રાઇક એર સ્ટ્રાઇક કર્યા બાદ બહેનોના માથા પરથી સિંદુર ભૂંસનારા આતંકવાદીઓનો ખાત્મો કરી દીધો છે.

(BYTE AMIT SHAH OPERATION SINDOOR)

શ્રી શાહે અમદાવાદના નારણપુરા ખાતે એક હજાર 593 કરોડ રૂપિયાનાં ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યું હતું. નારણપુરા ખાતે આયોજિત કાર્યક્રમમાં શ્રી શાહે પ્રધાનમંત્રી આવાસ નિર્માણ યોજના અંતર્ગત 107 કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્માણ પામેલા એક હજાર 55 આવાસોનાં ડ્રોનાં કેટલાંક લાભાર્થીઓને ચાવી એનાયત કરી હતી.

# Amit Shah Co-operative seminar and Nursing home opening

કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું કે, રાષ્ટ્રની પ્રગતિ માટે મજબૂત સહકારી માળખું હોવું જરૂરી છે. અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત સહકારી પરિષદને સંબોધતા શ્રી શાહે ભારતની વિકાસ યાત્રામાં સહકારી ક્ષેત્રની મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો.

શ્રી શાહે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ-PACSનો નવસંચાર કરીને દેશમાં સહકારી માળખાને મજબૂત કરવાની સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે 2029 સુધીમાં સમગ્ર દેશમાં દરેક પંચાયતમાં કૃષિ ધિરાણ મંડળી સ્થાપિત કરવાના સરકારના મહત્વાકાંક્ષી લક્ષ્યની રૂપરેખા પણ રજૂ કરી હતી.

(BYTE : AMIT SHAH- COOPERATIVE )

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્યમાં 89 હજારથી વધુ સહકારી સંસ્થાઓ સાથે એક કરોડ 70 લાખ સભાસદો જોડાયેલા છે.

સહકારિતા મંત્રી જગદીશ વિશ્વકર્માએ ગ્રામીણ સહકારી મંડળીઓના માધ્યમથી રાજ્યના પ્રત્યેક ખેડૂતને સહકારની આ ઝૂંબેશ સાથે જોડવા આહવાન કર્યું હતું

ગુજરાતની બે દિવસની મુલાકાતનાં બીજા દિવસે આજે શ્રી શાહે આજે મહેસાણા જિલ્લાના ગોઝારિયા ખાતે કે.કે.પટેલ અને મધુબેન કે.પટેલ નર્સિંગ કોલેજના નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું. અન્ય એક કાર્યક્રમમાં શ્રી શાહે કડી તાલુકાના સદરા ગામ ખાતે ફાલ્કન એગ્રીફીઝ ફૂડ્સ પ્રાઇવેટ લિમિટેડનાં ઑટોમેટિક ફ્રોઝન બટાકાની ઉત્પાદન સુવિધાનું ઉદઘાટન કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યનાં ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુત અને સાંસદો ઉપસ્થિત રહ્યા હતા.

# NAGPUR-SHIVRAJ SINGH CHAUHAN

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે વન નેશન વન એગ્રિકલ્ચર અને વન ટીમનું લક્ષ્ય હાંસલ કરવા માટે કૃષિમાં આઈસીએઆર સહિતનાં હિતધારકો વચ્ચે સમન્વય કરવાની અપીલ કરી છે.

શ્રી ચૌહાણ નાગપુરમાં વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન અંગે હિતધારકોના પરામર્શમાં વિદર્ભ ક્ષેત્રના ખેડૂતો સાથે વાતચીત કરી રહ્યા હતા. આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ચૌહાણે જણાવ્યું કે, સરકાર પ્રયોગશાળા અને જમીન વચ્ચેનું અંતર ઘટાડવા માટે પ્રતિબદ્ધ છે.

(BYTE: SHIVRAJ SINH CHAUHAN)

આ પ્રસંગે કૃષિ મંત્રીએ નેશનલ સોઇલ સ્પેક્ટ્રલ લાઇબ્રેરી NSSLનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સાથે સોઇલ મેપ ધરાવતું મહારાષ્ટ્ર પ્રથમ રાજ્ય બન્યું છે.

શ્રી ચૌહાણે કપાસના પાકને અસર કરતા મુખ્ય જંતુ પિંક બોલવોર્મ માટે AI-આધારિત સ્માર્ટ ટ્રેપનો પણ શુભારંભ કર્યો હતો. આ ટેકનિક ખેડૂતોને ચેપગ્રસ્ત પાક વિશે ચેતવણી મોકલશે.

# Hyderabad Fire

હૈદરાબાદમાં ચારમીનાર નજીકનાં રહેણાંક વિસ્તારમાં આજે સવારે લાગેલી આગમાં 17 લોકોના મોત થયા છે અને અનેકને ઇજા થઈ છે. ઘટનાની જાણ થતાં અગ્નિશમન દળની ૧૧ ટીમ મોકલવામાં આવી હતી. અગ્નિશમન દળનાં કર્મચારીઓએ બિલ્ડિંગમાંથી લગભગ 16 લોકોને બચાવી લીધા છે. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

કેન્દ્રીય કોલસા ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ ઘટના સ્થળની મુલાકાત લઈને અસરગ્રસ્ત પરિવારોને તમામ સહાયની ખાતરી આપી હતી. મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ અધિકારીઓને અસરગ્રસ્ત લોકોને સારી તબીબી સહાય પૂરી પાડવા માટે તમામ પગલાં લેવા નિર્દેશ આપ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે મૃતકના પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. તેમણે ઘાયલોના જલ્દી સ્વસ્થ થવાની પણ કામના કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# solapur fire

મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના અક્કલકોટ રોડ પર MIDC ઔદ્યોગિક વિસ્તારમાં કાપડ એકમમાં લાગેલી આગમાં ફેક્ટરીના માલિક અને એક કામદારના પરિવારના સભ્યો સહિત આઠ લોકોનાં મોત થયાં હતાં.

સેન્ટ્રલ ટેક્સટાઈલ મિલમાં સવારે સાડા ત્રણ વાગ્યે  લાગેલી આગ મોડી સાંજ સુધી ચાલુ રહી હતી. આગની જ્વાળાઓને કાબૂમાં લેવા માટે સોલાપુરમાંથી અનેક ફાયર ટેન્ડર મોકલવામાં આવ્યા હતા.

# IMF Pak

આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ-આઇએમએફએ પાકિસ્તાન પર ભંડોળનો આગામી હપ્તો લેવા માટે 11 નવી શરતો મૂકી છે અને ચેતવણી આપતા જણાવ્યું છે કે ભારત સાથેના તણાવથી યોજનાના નાણાકીય, બાહ્ય અને સુધારાના લક્ષ્યો જોખમમાં મૂકાઈ શકે છે.

માધ્યમોનાં અહેવાલે પ્રમાણે આઇએમએફએ વધુ 11 શરતો સાથે પાકિસ્તાન પર કુલ 50 શરતો મૂકવામાં આવી છે. પાકિસ્તાન પર લાદવામાં આવેલી નવી શરતોમાં 17.6 લાખ કરોડ રૂપિયાના નવા બજેટને સંસદની મંજૂરી, વીજળીના બિલ પર ડેટ સર્વિસિંગ સરચાર્જમાં વધારો અને ત્રણ વર્ષથી વધુ જૂની વપરાયેલી કારની આયાત પરના પ્રતિબંધો હટાવવાનો સમાવેશ થાય છે.

# Weather

હવામાન વિભાગે કોંકણ અને મધ્ય મહારાષ્ટ્રની નજીકનાં ઘાટ વિસ્તારોમાં 19થી 25 મે દરમિયાન છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવનાને પગલે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.

હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર, 22 મેની આસપાસ કર્ણાટકના દરિયાકાંઠે પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર પર નીચા દબાણનું ક્ષેત્ર રચાય તેવી શક્યતા છે. આ પ્રણાલી ઉત્તર તરફ આગળ વધવાની અને તીવ્ર થવાની અપેક્ષા છે, તેને પગલે સમગ્ર મહારાષ્ટ્રમાં હવામાનની પેટર્નમાં નોંધપાત્ર ફેરફારો તરફ દોરી જશે.

હવામાન વિભાગે મહારાષ્ટ્રના દરિયાકાંઠે, ખાસ કરીને કોંકણ અને ગોવા નજીક હવામાનની સ્થિતિને ધ્યાનમાં લઇને આગામી પાંચ દિવસ માટે માછીમારોને ચેતવણી પણ જારી કરી છે.

# kIREN RIJIJU DELEGATION

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જાહેરાત કરી છે કે સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ ટૂંક સમયમાં ઓપરેશન સિંદૂર હેઠળ ટોચનાં રાષ્ટ્રોની મુલાકાત લેશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી રિજિજુએ આ સંયુક્ત મોરચાનું પ્રતિનિધિત્વ કરતા સાંસદો અને પ્રતિનિધિમંડળોની યાદી રજૂ કરી હતી.

સંસદના 59 સભ્યોના સાત જૂથો કુલ 32 દેશોની મુલાકાત લેશે. દરેક પ્રતિનિધિમંડળમાં એક નિવૃત્ત રાજદ્વારી પણ હશે.

# JP Jadda-Pithoragarh trip

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ કહ્યું છે કે સમગ્ર દેશ બહાદુર સૈનિકોના બલિદાન અને સમર્પણ પર ગર્વ અનુભવે છે. શ્રી નડ્ડા આજે ઉત્તરાખંડના સરહદી જિલ્લા પિથોરાગઢમાં સેના, ભારત-તિબેટીયન બોર્ડર પોલીસ-આઇટીબીપી અને સશસ્ત્ર સીમા બાલ-એસએસબીના જવાનોને મળ્યા હતા. તેમણે ઓપરેશન સિંદૂરની સફળતા બદલ સૈનિકોનો આભાર માન્યો હતો. તેમણે સરહદની સુરક્ષા માટે ત્યાં તૈનાત શસ્ત્રો, સાધનો અને અન્ય સંરક્ષણ સંસાધનો વિશે પણ પૂછપરછ કરી હતી.

શ્રી નડ્ડા પિથોરાગઢની બે દિવસીય મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન, પિથોરાગઢ જિલ્લા મેજિસ્ટ્રેટ વિનોદ ગોસ્વામીએ વિવિધ વિભાગો સંબંધિત વાઇબ્રન્ટ વિલેજ હેઠળ પ્રસ્તાવિત કાર્યક્રમ અને ચાલુ યોજનાઓ અંગે કેન્દ્રીય મંત્રીને માહિતી આપી હતી.

# IPL

IPL ક્રિકેટમાં, પંજાબ કિંગ્સનો રાજસ્થાન રોયલ્સ સામે 10 રને વિજય થયો છે. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ લઈને 20 ઓવરમાં 219 રન કર્યા હતા. નેહલ વાધેરાએ 70 અને શશાંક સિંહે 59 રન કર્યા છે.

220 રનના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરેલી રાજસ્થાન રોયલ્સ 20 ઓવરમાં 209 રન બનાવી શકી હતી.

અન્ય એક મેચમાં દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સે દિલ્હી કેપિટલ્સ સામે  ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. છેલ્લાં અહેવાલ મળ્યા ત્યારે દિલ્હી કેપિટલ્સે 5 ઓવરમાં 1 વિકેટ ગુમાવીને 28 રન કર્યા છે.

ગુજરાત આ મેચ જીતે તો પ્લે ઓફમાં તેનું સ્થાન સુનિશ્ચત થશે. ગુજરાત ટાઇટન્સ હાલમાં 11 મેચમાં 16 પોઇન્ટ સાથે ટેબલ પર બીજા સ્થાને અને દિલ્હી 11 મેચમાં 13 પોઇન્ટ સાથે પાંચમા સ્થાને છે.